એક બાળક, એક મંચ: આત્મવિશ્વાસ અને પેરેન્ટિંગના સબક

દિવાળીમાં ફટાકડા ફૂટે તે પહેલાં, 'કૌન બનેગા કરોડપતિ' ગેમ શોના એક એપિસોડને લઈને સોશ્યલ મીડિયા પર બહુ તડાકા-ભડાકા થયા. અમિતાભ બચ્ચનના આ સૌથી લોકપ્રિય શોની પ્રતિસ્પર્ધામાં એક પ્રતિભાશાળી બાળકે ભાગ લીધો હતો (તેની ઉંમરને જોતાં આપણે તેનું નામ ટાળીએ). શરૂઆતમાં તો તેની બુદ્ધિમત્તા, હાજરજવાબી અને આત્મવિશ્વાસે (અમિતાભ સહીત) સૌનું ધ્યાન આકર્ષિત કર્યું, પરંતુ ગેમ જેમ જેમ આગળ વધતી ગઈ, તેનો આત્મવિશ્વાસ ધીમે-ધીમે અતિ-આત્મવિશ્વાસમાં તબદીલ થતો ગયો.

તેની જવાબો આપવાની રીત, સવાલોની ખીલ્લી ઉડાવવાની વૃતિ અને દરેક નિર્ણયમાં પોતાને 'સાચા' માનવાની માનસિકતા- આ બધાએ દર્શકોએ એ વિચારવા માટે મજબૂર કરી દીધા કે આ આત્મવિશ્વાસ હતો કે અહંકારની ઝલક? સોશિયલ મીડિયા પર તેની વીડિયો ક્લિપ શેર કરીને બહુ બધા યુઝર્સે તો તેને બત્તમીજી ગણાવી હતી. અમુક લોકોએ તો તેને પેરન્ટસની ઘોર નિષ્ફળતા પણ ગણાવી હતી.

બાળકના વ્યવહાર પર દર્શકોની પ્રતિક્રિયાઓ એટલી આકરી હતી કે કદાચ હોસ્ટ અમિતાભ બચ્ચન પણ ડઘાઈ ગયા હોવા જોઈએ, જે સામાન્ય રીતે હોટ સીટમાં બેસતા પ્રકાર-પ્રકારમાં પ્રતિયોગીઓ સાથે મોજ લેતા હોય છે અને જે 'કૌન બનેગા કરોડપતિ'ને કોઈપણ પ્રકારની ભૂલ કે વિવાદથી છેટા રાખવાની દરકાર કરતા હોય છે.

ઘણા લોકોએ અમિતાભના ધૈર્ય અને સંયમની પ્રશંસા કરી કે તેમણે બાળકના વર્તનને શાંતિથી સહન કર્યું. કેટલાક લોકોએ કહ્યું કે બાળકની ભૂલ નથી, પરંતુ એ ઉછેરમાં કમી છે કે તેને ધૈર્ય અને શિષ્ટાચાર શીખવવામાં આવ્યો નથી. એક યૂઝરે લખ્યું, 'બાળક સ્માર્ટ છે, પરંતુ તેને એ સમજવું જરૂરી છે કે મંચ પર બધાની ઈજ્જત કરવી જરૂરી છે.'

આ એપિસોડ સાહજિક હતો કે સ્ક્રિપ્ટેડ એ તો ખબર નથી, પણ આવો આત્મવિશ્વાસ એક સાર્વજનિક તમાશાનો વિષય બને અને તેને એક સિદ્ધિ ગણવામાં આવે તે પેરન્ટ્સ તરીકે અને એક સમાજ તરીકે ચિંતાની બાબત છે. એક વધુ પડતું લાડ-લડાવેલું બાળક એમ માનતું થઈ જાય કે તેનો વ્યવહાર પ્રશંસા પાત્ર છે તો તેના ભવિષ્ય માટે અહિતકારી છે.

મનોવિજ્ઞાનમાં તેને 'સિક્સ પોકેટ સિન્ડ્રોમ' કહે છે- ખાવાનું, રમકડાં, એટેન્શન, વખાણ, ગેજેટ્સ અને લાડની ટેવ હોય તે. પાણી માંગે તો દૂધ હાજર કરી દેવાની વૃતિ. માતા-પિતા અને દાદા-દાદીના હાથે અતિશય લાડમાં ઉછેરેલાં બાળકોમાં ધીરજ ઓછી હોય છે, માત્ર લેવાની જ ભાવના હોય છે, નિરાશાને સહન કરવાની તાકાત નથી હોતી અને 'ના' સાંભળવાની તૈયારી નથી હોતી.

આત્મવિશ્વાસ એવી શક્તિ છે જે બાળકને આગળ વધવાની હિંમત આપે છે. પરંતુ જ્યારે એ આત્મવિશ્વાસ અનુભવ, વિનમ્રતા અને શીખવાની ક્ષમતા વગર આવી ગયો હોય, ત્યારે તે અતિ-આત્મવિશ્વાસ બની જાય છે- જે અંતે ખોટા નિર્ણયો અને નિષ્ફળતાનું કારણ બને છે. બાળકના જવાબોમાં ઘણી વખત 'આ તો હું જાણું છું'નો ભાવ એટલો પ્રબળ હતો કે તે પ્રશ્નને પૂરો સાંભળ્યા વગર જ જવાબો આપતો હતો. આ વૃતિ આજના સમયમાં એક ઊંડી માનસિક સમસ્યાને દર્શાવે છે- તાબડતોબ પણ ઉપરછલ્લું જ્ઞાન. આજનાં બાળકો તેજ છે, પણ ગહેરાઈમાં જતાં નથી.

આજનાં પેરેન્ટ્સતેમનાં બાળકોને લઈને બહુ મહત્ત્વાકાંક્ષી હોય છે. તેઓ ઈચ્છતાં હોય છે કે તેમનું બાળક 'સૌથી આગળ રહે.'- સૌથી બુદ્ધિશાળી, સૌથી પ્રતિભાશાળી, સૌથી આત્મવિશ્વાસી. આ પ્રક્રિયામાં તેઓ ઘણીવાર 'વિનમ્રતા' અને 'ધૈર્ય' શિખવવાનું ભૂલી જાય છે. એવાં બાળકોને જ્યારે દરેક બાબતમાં પ્રશંસા મળે છે- 'વાહ, તું તો જિનિયસ છે!', 'વાહ, તું તો બધું જાણે છે!'- ત્યારે તેનામાં'કૃત્રિમ શ્રેષ્ઠતાનો ભાવ' વિકસવા લાગી જાય છે.ધીરે-ધીરે આ ભાવ અતિ-આત્મવિશ્વાસમાં ફેરવાઈ જાય છે, જ્યાં બાળક ટીકા સાંભળવાનું,ભૂલ સ્વીકારવાનું અથવા શીખવાનું ટાળવા લાગે છે.

અમેરિકન મનોચિકિત્સક કેરોલ ડ્વેકે તેમના સંશોધનમાં બતાવ્યું છે કે બાળકોની ઉછેરમાં બે માનસિકતાઓ હોય છે- ફિક્સ્ડ માઈન્ડસેટ અને ગ્રોથ માઈન્ડસેટ. ફિક્સ્ડ માઈન્ડસેટ વાળું બાળક એવા વિચારમાં રાચતુંહોય છે કે 'હું બુદ્ધિમાન છું, મને બધું આવડે છે.' જ્યારે તે નિષ્ફળ જાય,તો તે સહન નથી કરી શકતું,કેમ કે તેને લાગે છે કે તેની 'સ્માર્ટનેસ' ખતમ થઈ ગઈ છે.

ગ્રોથ માઈન્ડસેટવાળું બાળક એમ માનતું હોય છે કે 'હું પ્રયત્ન કરીને શીખી શકું છું.' તેની ઉર્જા શીખવામાં જ જાય છે, આવડતનો દેખાડો કરવામાં નહીં. ગેમ શોમાં પેલા બાળક જેવાં અનેક બાળકો ફિક્સ્ડ માઈન્ડસેટનો શિકાર છે- કેમ કે સમાજ અને પેરેન્ટ્સ બંનેએ તેમને શીખવ્યું છે કે 'ભૂલ કરવી એ કમજોરીની નિશાની છે.'

KBC જેવા મંચ બાળકોની પ્રતિભા પ્રદર્શિત કરવાની તક આપે છે, પરંતુ તે સમાજનો આયનો પણ છે. એ બાળક એ વાતનો પુરાવો છે કે આપણા બાળકોમાં જ્ઞાનની ખોટ નથી, પરંતુ ભાવનાત્મક બુદ્ધિમત્તા (Emotional Intelligence)નો અભાવ છે. દિમાગ તેજ છે, પરંતુ સંયમ નથી. જાણકારી છે, પણ વિનમ્રતા નથી. અને આ ખોટ માત્ર બાળકની નથી, પણ તે કૌટુંબિક વાતાવરણની છે જેમાં તે મોટો થાય છે.

આ બાળકનો વધુ પડતો આત્મવિશ્વાસ આપણને યાદ અપાવે છે કે શાણપણ માત્ર જાણવામાં નથી, સમજવામાં છે. સાચું જ્ઞાન વ્યક્તિને નમ્ર બનાવે છે, અહંકારી નહીં. આપણને એવા બાળકોની જરૂર છે જે પ્રશ્નોના જવાબો યાદ ન રાખતા હોય, પણ પ્રશ્નો પૂછવાની હિંમત ધરાવતા હોય. દરેક જીત પછી તે કહી શકે છે -'હું આજે કંઈક નવું શીખ્યો.' કેબીસીનો એપિસોડ સમગ્ર સમાજનો અરીસો છે-

માતા-પિતા અને દાદા-દાદીના હાથે અતિશય લાડમાં ઉછેરેલાં બાળકોમાં ધીરજ ઓછી હોય છે, માત્ર લેવાની જ ભાવના હોય છે, નિરાશાને સહન કરવાની તાકાત નથી હોતી અને 'ના' સાંભળવાની તૈયારી નથી હોતી

જ્યાં આપણે બાળકોને ઝડપથી અને સ્માર્ટ રીતે ઉછેરવા માંગીએ છીએ, પરંતુ તેમને ઊંડાણપૂર્વક શીખવવાની તમા નથી રાખતા.

બાળકોને શીખવાનો આનંદ શીખવવાની જરૂર છે, જીતનું જનૂન નહીં. બાળકને જ્યારે એવું લાગશે કે દરેક ભૂલ શીખવાનો એક અવસર છે, ત્યારે તે અસફળતાથી નહીં ડરે. એટલા માટે, તેની ઉપલબ્ધીની અતિ-પ્રશંસાથી બચવું- 'તું તો જીનિયસ છે' એવું કહેવાને બદલે, 'તેં સરસ મહેનત કરી' એવું કહેવું. તેનાથી બાળક પોતાને જીનિયસ સાબિત કરવાએ બદલે મહેનતી સાબિત કરવા પ્રયાસ કરશે. બાળકોને ઉડતાં જરૂર શીખવવું જોઈએ, પણ તેમને એ ખબર હોવી જોઈએ કે જમીન પર પગ કેવી રીતે રાખવા તે પણ ઉડવાની કળાનો જ હિસ્સો છે.

ફાયરવોલ
રાજ ગોસ્વામી

મંત્રીમંડળની બેઠક

સામાન્ય રીતે કકળાટ કાળીચૌદશના દિવસે કાઢવાનો રિવાજ છે પણ ગુજરાતમાં મંત્રીમંડળની પુનઃરચના ચૌદશથી પહેલાં થઈ ગઈ. મંત્રીમંડળમાં કોણ આવ્યું ને કોણ ગયું, કોણ પડ્યું ને કોણ ચડ્યું, એવી બધી ચર્ચા (સાદી ભાષામાં, ચૌદશ) બહુ થઈ. નવા મંત્રીમંડળનો ઉત્સાહ મંત્રીઓને હોય એનાં કરતાં વધારે તો મીડિયાને વધારે હતો. ઘરે પ્રસંગ હોય તો પણ ન કરે, એટલી તૈયારી અને દોડધામ કેટલાક મીડિયાવાળા કરી રહ્યા હતા. ક્યાં કેવી તૈયારી ચાલી રહી છે, તેનું મિનીટેમિનીટનું રિપોર્ટિંગ થઈ રહ્યું હતું. તેનું એક કારણ કદાચ એ પણ હોય કે મીડિયાવાળા જાણે છે, એક વાર મંત્રીઓ તેમનું ખાતું સંભાળી લે, ત્યાર પછી મીડિયાવાળાને રિપોર્ટિંગની તક નહીં મળે. ખરેખર તો, મંત્રીને પોતાને કશું કરવાની તક મળશે કે કેમ, તે પણ સવાલ.

મનમાં નવોઢા જેવી મૂંઝવણો અને લોટરી જીતનારા જેવો રોમાંચ અનુભવતા મંત્રીઓની પહેલી અનૌપચારિક બેઠક થાય, તો તે કેવી હોય? થોડી કલ્પનાઃ

અધિકારીઃ નમસ્કાર. નવા મંત્રીમંડળમાં આપ સૌનું સ્વાગત છે.

મંત્રી 1: તમે કોણ? તમારી ઓળખાણ ન પડી. મંત્રી જેવા તો લાગતા નથી...

મંત્રી 2: એટલે તમે કહેવા શું માગો છો? મંત્રીઓ માણસ કરતાં જુદા લાગે?

ખૂણામાંથી અવાજઃ કોને ખબર? બહુ વફાદાર હોય તો કદાચ ગળામાં...

અધિકારીઃ (વાક્ય કાપીને) મારો હોદ્દો તમારે જાણવાની જરૂર નથી. મારું કામ તમને નવી જગ્યાએ સારી રીતે ગોઠવી આપવાનું છે.

મંત્રી 3 (મંત્રી 4ને, ગુસપુસ અવાજે): બોલો, આપણને એમ કે મોટા ભાઈ બધું ગોઠવે છે પણ અહીં તો આ ભાઈ બધું ગોઠવવાનો દાવો કરે છે. ગાંધીનગરનું પાણી...

મંત્રી 4: (એવા જ સ્વરે) હજુ તો આપણે આપણી ચેમ્બર પણ જોઈ નથી. એકદમ અસંતુષ્ટ થઈ જવાની જરૂર નથી.

અધિકારીઃ શાંતિ, શાંતિ. મારી વાત સાંભળીને કોઈ ખરાબ ન લગાડતા...

(બધા, એકસાથે): અમને તો હવે પ્રેક્ટિસ પડી ગઈ છે. અમે મતદારો સિવાય બીજા કોઈની વાતનું ખરાબ લગાડતા નથી.

અધિકારીઃ વેરી ગુડ. તો તમારું ભવિષ્ય બહુ ઉજ્જવળ છે. સૌથી પહેલાં તો મારે તમને એ કહેવાનું કે તમને તમારી જગ્યા બતાવી દેવામાં આવે, ત્યાર પછી ટેવાતાં વાર ન લગાડતા.

મંત્રી 3 (ઉશ્કેરાઈને): જગ્યા બતાવી દેવામાં આવે એટલે? અમારી જગ્યા બતાવનાર તમે કોણ? મંત્રી 4 (મંત્રી 3ને, હાથ દબાવીને, ધીમેથી): હમણાં શાંતિ રાખો. આ તો ચિઠ્ઠીનો ચાકર છે. તેના હાથમાં કશું નથી.

મંત્રી 3: તો આપણે પણ એનાથી ક્યાં જુદા છીએ? આપણા હાથમાં શું છે?

મંત્રી 1: કેમ વળી? ગાડી, બંગલો, લાલ બત્તી, આર્થિક લાભો, આર્થિક લાભો મેળવવાની તક...

મંત્રી 3: એ બધું તો સમજ્યા, પણ માથે લટકતી તલવાર નહીં? અડધી રાતે દિલ્હીથી ફોન આવે તો નોકરી જતી રહે.

અધિકારીઃ આપ સાહેબોએ આ રીતે વાત ન કરવી જોઈએ. આપ સૌ પ્રજાના સેવકો છો...

(બધા, સામુહિક રીતે હસે છે અને હસતાં હસતાં બેવડ વળી જાય છે.)

ખૂણામાંથી અવાજઃ આ અમિતભાઈનું નામ પ્રજા ક્યારથી થયું?

(અધિકારી અવાજની દિશામાં જોવા પ્રયાસ કરે છે, પણ કોઈ દેખાતું નથી.)

અધિકારીઃ આપમાંથી કોઈ ભૂતપ્રેતમાં માનો છો?

(બધા સમુહસ્વરે): ના, અમે તો મોદીસાહેબ અને અમિતભાઈ એ બેમાં જ માનીએ છીએ.

અધિકારીઃ છોડો એ વાત. હું તમને ખાસ એ કહેવા માગતો હતો કે તમારી પાસે સમય ઓછો છે, એટલે જલદી ગોઠવાઈ જાવ એવી ઉપરથી ખાસ સૂચના છે.

મંત્રી 1: તમે ચિંતા ન કરતા, અમે ક્યાં ક્યાં કેવી રીતે ગોઠવવું એની વેતરણમાં જ છીએ.

અધિકારીઃ હું ગોઠવી લેવાની નહીં, કામકાજમાં ગોઠવાઈ જવાની વાત કરું છું. આમ તો તમારા ભાગે ખાસ કંઈ આવશે નહીં...

મંત્રી 2: એટલે?

અધિકારીઃ જ્યારથી જનરલ નોલેજના પેપરમાં રાજ્યના મંત્રીઓ વિશે સવાલ પૂછાતા બંધ થઈ ગયા ત્યારથી રાજ્યના મંત્રીમંડળનાં નામ વિશે કોઈને ખબર હોતી નથી. તમે જ્યાં જાવ ત્યાં તમારે કહેવું પડશે કે હું ફલાણા ખાતાનો મંત્રી. ત્યારે લોકોને થશે કે તમે અસ્તિત્વ ધરાવો છો.

મંત્રી 3: પણ ખાતાના અધિકારીઓ?

અધિકારીઃ તમે તો જાણો જ છો, ગઈ વખતે અધિકારીઓ મંત્રીઓના ફોન ઉઠાવે એવું કહેવા માટે પરિપત્ર કાઢવો પડ્યો હતો...

મંત્રી 5 (મંત્રી 3ને): બસ, આ જ સાંભળવું હતું ને તમારે? સાંભળી લીધું ને?

અધિકારી : એમાં કોઈએ માઠું લગાડવાની જરૂર નથી. તમારા કોઈ પ્રત્યે સાહેબને અવિશ્વાસ હોત તો તમે અહીં બેઠા ન હોત. તમારે યાદ એટલું જ રાખવાનું કે તમે કોઈ પણ બાબતમાં ફાઈનલ ઓથોરિટી નથી. તમે અધિકારીને સૂચના આપવા જાવ, ત્યાર પહેલાં તેમને ઉપરથી સૂચના મળી પણ ગઈ હોય.

મંત્રી 3: તો પછી મંત્રીપદાને શું કરવાનું?

અધિકારીઃ શાંતિ..શાંતિ... સાહેબ, આજે સપરમા દિવસે કોઈએ માઠું લગાડવાનું નથી. આજે તો મારે તમને બધાને મોં મીઠું કરાવીને, સાહેબની વફાદારીની કસોટીમાં હેમખેમ પાર ઉતરો એવી શુભેચ્છા સાથે તમારી જગ્યાએ લઈ જવાના છે. એક વાર તમે તમારી જગ્યાએ પહોંચો. ગુજરાતનું પછી જોઈ લઈશું.

(એ સાથે જ મિટિંગ પૂરી થાય છે અને સૌ એક ખૂણામાં રહેલી મોટી તસવીરને પાયલાગણ માટે લાઈન લગાડે છે.)

અધિકારીઃ આપમાંથી કોઈ ભૂતપ્રેતમાં માનો છો?
(બધા સમુહસ્વરે): ના, અમે તો મોદીસાહેબ અને અમિતભાઈ એ બેમાં જ માનીએ છીએ.

બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વીશ કોઠારી

ઈશિતાનું અલકમલક

જાસૂસ લા-જવાબ..!

આમ તો પ્રત્યેક આદમી હૈયાસૂઝથી જાસૂસ જ હોય છે. દુનિયા આવા અસંખ્ય જાસૂસોથી ઉભરાતી હોય છે. એ બધા વચ્ચે જેમ વ્યવસાયિક ગુનાશોધકો હોય છે તેમ કિતાબી જાસૂસોની પણ એક આગવી દુનિયા છે. એમાંથી તો કેટલાક કાલ્પનિક હોવા છતાં જબરા જાણીતા છે. એમના સર્જકોએ તો એમને એવા સચોટ આલેખ્યા છે કે વાચકોનો એક વિશાળ વર્ગ તો એમને સાચુકલા માને છે..! ઉદાહરણ તરીકે, છટાંદાર મૂછોવાળો હર્ક્યુલ પોઈરો અને આઘેડવયની મિસ માર્પલ આ બન્ને ડિટેક્ટિવ પાત્રનાં સર્જક છે વિખ્યાત લેખિકા અગાથા ક્રિસ્ટી. આ બન્ને પાત્રો 50 થી વધુ અપરાધકથા અને અનેક ટૂંકી વાર્તાઓમાં ઝળક્યાં છે. આવું જ એક લોકપ્રિય પાત્ર છે અમેરિકન લેખક અર્લ સ્ટેન્લિ ગાર્ડનરનું વિચક્ષણ વકીલ ગુનાશોધક પેરી મેસન. પેરી જેટલી જ જાણીતી છે એની રુપાળી-ચુલબુલી સેક્રેટરી ડેલા સ્ટ્રેટ. (તમને ગાજર ખાતો પેલો જાસૂસ પંકજ કપૂર અને એની રમતિયાળ સેક્રેટરી સુસ્મિતા મુખર્જીની કોમેડી ટીવી સિરિયલ 'કરમચંદ' યાદ છે?) જોકે આવા બધા કાલ્પનિક જાસૂસો વચ્ચે આજે પણ 140 વર્ષ (1887 થી 2025) પછી જગતભરમાં સૌથી વધુ જાણીતો અને સૌથી વધુ કોઈ લોકપ્રિય હોય તો એ છે શેરલોક હોમ્સ! બ્રિટિશ લેખક આર્થર કોનન ડોયલ સર્જિત આ કાલ્પનિક પાત્ર શેરલોક હોમ્સ એની ગીધ જેવી તીવ્ર નિરીક્ષણ શક્તિ, તાર્કિક નિપૂણતા અને આગવી હૈયાસૂઝને લીધે આજે પણ એક ચિરંજીવ પાત્ર બની ગયું છે. આજે હોમ્સ 25,000 થી વધુ નાટક, ટીવી, ફિલ્મ્સમાં મુખ્ય પાત્ર તરીકે પેશ થયો હોવાથી એના નામે 'ગિનિસ વર્લ્ડ રેકોર્ડસ'માં નોંધાયેલો આ વિશ્વવિક્રમ આજેય અણનમ છે. લેખક આર્થર કોનન ડોયલે પોતાની વાર્તા- પુસ્તકોમાં એનો આ ડિટેકટિવ પાત્ર, જ્યાં રહે છે એ ઘરનું સરનામું લખ્યું હતું : '221-બી બેકર સ્ટ્રીટ- લંડન ' આ સ્થળ - ઘર કાલ્પનિક હોવા છતાં આજે પણ એ એવું જાણીતું છે કે એ જાસૂસના અસંખ્ય ચાહકો એને જોવા-નિહાળવા એ કાલ્પનિક સ્થળે પહોંચી જાય છે ! જાસૂસ હોમ્સના આ બેકર સ્ટ્રીટના કાલ્પનિક સરનામાની લોકચાહના જોઈને લંડનનાસ્થાનિક સત્તવાળાએ બેકર સ્ટ્રીટ પર જ આવા જ એક નિવાસ્થાનને મ્યુઝિયમ રુપે બનાવી દીધું છે સેન્ટ્રલ લંડન વિસ્તારમાં બેકર સ્ટ્રીટ સ્ટેશનની બહાર રોડ પર જ એક હાથમાં એની ચિરપરિચિત હોકલી અને હેટ સાથે શેરલોક હોમ્સની 9 ફૂટ ઊંચી કાંસાની એક પ્રતિમા પણ નજરે ચઢે..! શેરલોકની વાર્તામાં આવતા વર્ણન મુજબ 1881થી 1904 ના ગાળામાં શેરલોક અને એનો સહયોગી મિત્ર ડોક્ટર વોટસન જાણે આ જ મકાનમાં રહ્યાં હોય તેવો તાદૃશ્ય માહોલ પણ ત્યાં ખડો કરી દીધો છે. 19 પાઉન્ડની પ્રવેશ-ફી ધરાવતા આ હોમ-મ્યુઝિયમની મુલાકાતે દર વર્ષે અહીં લાખેક જેટલા શેરલોકના ચાહકો આવે છે. આ એડ્રસ પર આજે પણ ઢગલાબંધ પત્રો અને ઈ-મેલ્સ આવે છે અને જાસૂર હોમ્સ વતી એના જવાબ આપવા માટે અહીં એક ફૂટડી સેક્રેટરી પણ છે! અદભૂત તીક્ષ્ણ નિરીક્ષણ શક્તિ ધરાવતા શેરલોક હોમ્સના નામે જેમ એણે ઉકેલી હોય એવી અનેક અપરાધકથાઓની જેમ એના જોક્સ પણ જાણીતા છે. એમાંથી આ તો જબરો યાદગાર છે : મિત્ર ડો. વોટ્સન અને શેરલોક એકવાર પિકનિક પર ગયા. રાતે એક ટેકરી પર તંબુ બાંધીને બન્ને સૂઈ ગયા. અડધી રાતે વોટસનની ઊંઘ ઊડી ગઈ. એણે શેરલોકને જગાડીને કહ્યું : ઉપર જો આકાશ કેવું મસ્ત મજાનું લાગે છેતારલાઓ કેવાં ઝબુક ઝબુક થઈ રહ્યાં છે!શેરલોકે ઉપર જોયું પછી કહ્યું: 'ડફોળ, તારલાની ક્યાં માંડે છે આપણો તંબુ ચોરાઈ ગયો છે... ઈટ'સ એલિમેન્ટરી , માય ફ્રેન્ડ!'

હોમ્સનું 'ઘર'- મ્યુઝિયમ

ફ્રેમસ જાસૂસની પ્રતિમા

વખાનો માર્યો બન્યો જા-સૂ-સ!

ઈશિતા'એ તમને શેરલોક હોમ્સની ગાથા સંભળાવી. હા, દરેક પુરુષ કંઈ શેરલોક ન બની શકે પણ અપવાદરુપ કોઈ પુરુષને ક્યારેક અમુક વાત હૈયાસૂઝથી ઊગી પણ નીકળે, જે એના માટે પ્રાણરક્ષક પણ બની જાય. આ તાજો જ કિસ્સો લઈએ. હરિયાણાના ગુરુગ્રામમાં રહેતા શુભમ નામના એક ઈજનેરના લગ્ન શ્રેયા (નામ બદલ્યું છે) નામની યુવતી સાથે થયા. શુભમની પત્ની સોફ્ટવેર ઈજનેર હતી. શુભમને એ ઘણી ગમતી પણ હતી પણ ન જાણે કેમ શ્રેયા પત્ની તરીકે શુભમ સાથે લગ્નજીવન માણવાનું સતત ટાળતી. આથી શુભમને શંકા પડી કે શ્રેયાનું જરુર કોઈ ચક્કર ચાલે છે. એની શંકા સાચી ઠરી. કોઈ યુવક સાથે એને લગ્નેતર સંબંધ છે એના પુરાવા શુભમે પત્ની શ્રેયાની મોબાઈલ પર વોટ્સઅપ ચેટ પરથી શોધી કાઢ્યા. શ્રેયાને ઓનલાઈન શોપિંગની આદત હતી. શુભમે એમાં ખણખોદ કરી તો એ ચમકી ગયો : શ્રેયાએ એમેઝોન પરથી એક ભારે હથોડો મંગાવ્યો હતો.. એનો અર્થ એ થયો કે શ્રેયા તક મળે ત્યારે એને પતાવી દેવાનું પ્લાનિંગ કરી રહી છે! માત્ર હથોડો જ નહીં , પત્નીએ ક્નડોમ્સ પણ મંગાવ્યા હતા અર્થાત શ્રેયા ટૂંક સમયમાં એના પ્રેમીને પણ મળવાની હતી..! અહીં શુભમે અગમચેતી વાપરીને એક પ્રાઈવેટ ડિટેક્ટિવને કામે લગાડી દીધો, જેણે શ્રેયાની હિલચાલ પર નજર રાખીને શોધી કાઢ્યું કે શ્રેયા એના પ્રેમી સાથે હૃષિકેશ જવાની છે અને એ જે હોટલમાં એની સાથે રહેવાની છે. ત્યાં પતિ શુભમે પહોંચી જઈને પત્ની શ્રેયાને એના પ્રેમી સાથે ઝડપી લીધી..! વખાનો માર્યો પતિ પણ આમ શેરલોક હોમ્સની જેમ સુપર જાસૂસ બની શકે !

ઈશિતાનું ઈત્યાદિ ઈત્યાદિ

» સ્માર્ટ ફોન આવ્યા પછી એના ડિજિટલ કેમેરાનો જબરો ઉપયોગ થવા લાગ્યો છે. એમાંય સેલ્ફીનું ગાંડપણ વત્તા વળગણ આબાલ-વૃદ્ધને એકસરખુ લાગ્યું છે. સેલ્ફીની આ ઘેલછા જોઈને મનોચિકિત્સકોએ એનું પૃથક્કરણ કરીને કેટલાંક ચકિત કરી મૂકે એવાં તારણ કાઢ્યાં છે. એ અનુસાર, સોશિયલ મીડિયામાં બીજાંની સેલ્ફી જોઈને એની સાથે સરખામણી કરવા ઘણી યુવતી-મહિલાઓ વારંવાર સેલ્ફી લે છે. આવી વૃતિને લીધે 59 ટકા મહિલા વધુ દુઃખી થાય છે - નિરાશા વધે છે ને એની ખુશી ઘટે છે. આ બધાનાં પરિણામે એનું માનસિક આરોગ્ય પણ કથળે છે.
(નોંધ : ફોટો છે જગ્યા હોય તો વાપરવો)

» સતત વધુ પડતી વાત કરનારા માટે લેટિન ભાષામાં એક શબ્દ છે Garrulous, જેનો ભાષાશાસ્ત્રીઓ ઉચ્ચાર કરે છે: 'ગેરોલાઅસ્સ'.

* ઈશિતાની એલચી *

આ વખતે એક સદાબહાર શુભેચ્છા : નૂતન વર્ષાભિનંદન- સાલમુબારક!